# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Sujlam Suflam Abhiyan

રાજ્યમાં સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં જળ ક્ષેત્રે 33 હજારથી વધુ કામો કરવામાં આવ્યાં છે. જેના થકી ગુજરાત જળક્ષેત્રે અગ્રણી રાજ્ય બન્યું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ......

## (વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

રાજ્યમાં જળસંગ્રહ માટે સુજલામ સુફલામ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનનાં ફલશ્રુતિ સ્વરૂપ છેલ્લા બે વર્ષમાં 32 હજાર 948 લાખ ઘનફૂટ પાણીની સંગ્રહશક્તિમાં વધારો થયો છે. 9 હજાર 381 કિલોમીટરની નહેરોની સાફ-સફાઈ કરવામાં આવી. 9 હજાર 480 તળાવોને ઊંડા કરાયાં, તેમજ 1 હજાર 914 ચેકડેમ રિપેરિંગનાં કામો કરવામાં આવ્યાં છે. આ અભિયાન અંતર્ગત વર્ષ 2024માં કુલ 7 લાખ 49 હજાર માનવદિનની રોજગારી ઉભી થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેતી માટે પાણી અને ઘર-ઘર સુધી શુધ્ધ પેયજળ પહોંચાડવાના ઉમદા આશયથી વર્ષ 2003માં સુજલામ સુફલામ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ગુજરાત રાજ્ય આજે અન્ય રાજ્યો માટે આદર્શ મોડલ બન્યું છે.

અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ

. . . . . . . . . . . . .

# Graduation ceremony

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો 20 મો પદવીદાન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલના હસ્તે 67 શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સુવર્ણ અને રજત ચંદ્રકો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અહીં ખાસ ઉપસ્થિત રહેલ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાંતાકુમારે વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપ્યું હતું.

જ્યારે રાજ્ય કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સમગ્ર કાર્યક્રમને શુભકામના પાઠવી હતી. યુનિવર્સિટીના 20 માં પદવિદાન સમારંભમાં કૃષિ ઇજનેરી, કૃષિ બાગાયત અને એગ્રી બિઝનેસ મેનેજમેન્ટના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના 588 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR INDRODA PARK

ગાંધીનગર ગીર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ઈન્દ્રોડા પાર્કમાં પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપ જીવોનું શિયાળામાં ઠંડીથી રક્ષણ કરવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે વધુ ઈન્દ્રોડા પાર્કના નાયબ નિયામક આર.પી ગેહલોતે માહિતી આપી..

(બાઇટ: આર.પી ગેહલોત, નાયબ નિયામક, ઈન્દ્રોડા પાર્ક)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR COLLECTION VAN

સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણ માટે 38 વાનને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રી મકવાણાએ જણાવ્યું હતું કે આગામી સમયમાં શહેરમાં 100 વાન દ્વારા કચરાનું એકત્રીકરણ કરી શહેરને સ્વચ્છ બનાવવામાં આવશે. તેમણે ઘરમાં એકઠો થયેલો કચરો ગમે ત્યાં ન ફેંકતા કલેકશન વાહનમાં જ નાખી શહેરને સ્વચ્છ રાખવા નગરજનોને અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

# Women’s Kho-Kho World Cup Winner

દિલ્હીમાં રમાયેલ ખો-ખો વિશ્વકપમાં ભારતીય મહિલા ટીમે નેપાળને હરાવીને વિશ્વવિજેતા બની છે. ભારતીય ટીમનાં વિજયમાં મૂળ ડાંગના વતની અને તાપીમાં અભ્યાસ કરતાં ઓપિનાર ભીલારે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ અંગે DLSS ના ખો-ખોના કોચ સુનિલ મિસ્ત્રીએ પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો.

(બાઇટ: સુનિલ મિસ્ત્રી, ખો-ખો કોચ)

. . . . . . . . . . . . .

# AHMEDABAD PENSION ADALAT

ટપાલ વિભાગના નિવૃત કર્મચારીઓના પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદના શાહીબાગમાં આવેલી પોસ્ટ માસ્ટર જનરલની કચેરી ખાતે પેન્શન અદાલતનું આયોજન કરાયું છે. આગામી 29 જાન્યુઆરીએ સવારે 11 કલાકે યોજાનાર આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયના પેન્શનને લગતા અન્ય મુદ્દા સંબંધિત ફરિયાદોને સાંભળી નિકાલ કરાશે.

અમદાવાદ ક્ષેત્રને લગતી પેન્શન સંબંધિત ફરિયાદો પોસ્ટ માસ્ટર જનરલની કચેરીના સરનામે 23 જાન્યુઆરી સુધીમાં મળી જાય તે રીતે મોકલવા પોસ્ટ માસ્ટર જનરલની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR – KADANA DAM

ખેડા, આણંદ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને મહેસાણા જિલ્લાના ખેડૂતો માટે શિયાળુ સિઝન માટે પાણીની માંગને સિંચાઈ વિભાગે સ્વીકારી છે. મહીસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જણાવે છે કે કડાણા ડેમમાંથી કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે. સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડાતા 9 હજાર ખેડૂતોને શિયાળુ સિઝન માટે પાણી મળશે.

. . . . . . . . . . . . .

# RAJKOT MANSUKH MANDVIYA

રાજકોટના ઉપલેટા ખાતે કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયાની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અનેક વિકાસકામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરાયું.

67.5 કરોડના 71 વિકાસકામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું કે નાગરિકોના ટેક્સના પૈસાનો સરકાર દ્વારા વિકાસના કામોમાં સદુપયોગ કરવામાં આવી રહ્યો છે. શ્રી માંડવિયાએ ઉમેર્યું કે આરોગ્ય, શિક્ષણ, રસ્તા, પાણી, સહિતની જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ દરેક ગામમાં પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે, ધોરાજીમાં પાણીની પાઇપલાઇન તથા રેલવે ઓવરબ્રિજ, આંગણવાડીનું નવીનીકરણ, અમૃત સરોવર બ્યુટીફિકેશનના કામનું ખાતમુહૂર્ત તેમજ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................